# વર્ધમાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ દ્વારા તપસ્વી અભિનંદન સમારોહ યોજાયો



ગાંધીનગર, તા.૭

શ્રી વર્ધમાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ઉસ્માનપુરા ચાર રસ્તા આશ્રમ રોડ ખાતે તાજેતરમાં ગુણરત્ન સૂરીશ્વર મ.સા. તથા રશ્મિરત્ન સૂરીશ્વર મ.સા. અને ૧૧૦ સાધુ સાધ્વીજીઓના સાનિધ્યમાં ૧૪૦ જેટલા તપસ્વી ભાઈ બહેનોનો બહુમાન સમારંભ યોજાયો હતો.

તપસ્વી અભિનંદન સમારોહમાં ૧૧ માસક્ષમણના તપસ્વી હતા. જેમાં સહુથી નાના રાજવી મહેતા હતા.

આ ઉપરાંત યુ.એસ.એ. ન્યુયોર્કથી આવેલા મનોચિકિત્સક ડૉ. રોહિત વોરા, ૮૨ દિવસના ધર્મચક્ર તપ કરનારા ૪૨ ભાઈ-બહેનો, ૧૬ ઉપવાસના ૭ તપસ્વીઓ, અઠ્ઠાઈના ૭૦ તપસ્વીઓનું તિલક, માળા અને શ્રીફળ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. કંચનબેન શાહે પ્રભાવના સાથે મૌને મોમેન્ટો અર્પણ કરી હતી. આ પ્રસંગે જૈનાચાર્ય શ્રી ગુણરત્નસૂરીશ્વર મ.સા.એ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, તપથી પાપ, તાપ અને સંતાપ બધુ જ ટળે છે અને આત્મા નિર્મળ બની અસલ સુખને પામે છે.

# યોગ અને નેચરોપથી શિબિરનો ૧૩ ઑક્ટોબરથી પ્રારંભ થશે

## ૧૦મી ઓકટોબર સુધી રજીસ્ટ્રેશન કરાવી લેવા અનુરોધ

ગાંધીનગર, તા.૭

શ્રીમતી ઈન્દુમતીબેન હરીલાલ પંડયા સમાજ સેવા મંડળના પ્રમુખ વી.બી. અમીનો એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરથી ૩૦ કિ.મી. દૂર આવેલા આઈ.એચ. પંડયા 'પ્રાકૃતિક ચિકિત્સાલય' લાખાના મુવાડા ખાતે યોગ અને નેચરોપથી શિબિર તથા પ્રાકૃતિક ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના લાખાના મુવાડા ગામે પ્રાકૃતિક ચિકિત્સા શિબિર તા. ૧૩, ૧૪ અને ૧૫ ઓકટોબર ૨૦૧૨ દરમિયાન યોજાશે. શિબિરમાં તનાવ, ટેન્શન, બ્લડ પ્રેશર, પાચનતંત્રની તકલીફો, કબ્જ, સાંધાના દર્દ જેવા વિવિધ રોગ માટેની ચિકિત્સાનો લાભ મળશે. લાભ લેવા ઈચ્છતા સર્વેએ તા. ૧૦મી ઓકટો. સુધી શ્રી અરવિંદ કેન્દ્ર, સેકટર-૩૦ ખાતે મો.નં. ૯૮૭૯૪૫૬૫૧૭ અથવા ફોન નં. ૨૩૨૧૦૮૨૯૫૨ સંપર્ક સાધી રજીસ્ટ્રેશન કરાવી લેવું.



રવિવારે ગાંધીનગર ભાજપ દ્વારા વિવેકાનંદ ઉપયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સૅક્ટર-૧થી આરંભ પામીને આ યાત્રા નગરના મુખ્ય માર્ગો પર ફરી હતી. (તસવીર : બિલ્લુ શર્મા)

# ઘરના ઘરની યોજનાના ફોર્મ પરત લેવાનો કોંગ્રેસ દ્વારા આજે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાત કોંગ્રેસ દ્વારા વિચારણા કરવામાં આવેલ ઘરના ઘરનું ફોર્મ પરત લેવા માટે આવતીકાલે ૨૬ જિલ્લાના ૨૨૫ તાલુકાઓમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અર્જુનભાઈ મોઢવાડીયાએ આ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે ૮-૧૦-૨૦૧૨ને આવતીકાલે સવારે ૧૦.૩૦ કલાકે તેઓ દહેગામ ખાતે ઉપસ્થિત રહીને આ ફોર્મ પરત મેળવશે. શહેરી વિસ્તારોમાં કોંગ્રેસ દ્વારા ઘરના ઘર માટે રાજ્યની આઠ મહાનગરપાલિકા અને ૧૫૯ નગરપાલિકાઓમાં વસવાટ કરતી ૩૦ લાખ કરતા વધુ મહિલાઓએ કોંગ્રેસ પક્ષની ઘરના ઘરની યોજનામાં વિશ્વાસ વ્યક્ત કરીને તેના માટે ફોર્મ જમા કરાવ્યા હતા.

કોંગ્રેસ પક્ષની ઘરના ઘરની યોજના શહેરી વિસ્તારમાં અભૂતપૂર્વ સાથ સહકાર મહિલાઓએ આપ્યો હતો. સાથોસાથ તે જ રીતે ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતી મહિલાઓને પણ ઘરનું ઘર ૧૦૦ વારનો પ્લોટ મળે તે માટેની યોજના અન્વયે ૫૦ લાખ કરતાં વધુ મહિલાઓએ આ યોજનાના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. આવતીકાલે તેના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં તાલુકા કક્ષાએ મોટી સંખ્યામાં મહિલાઓ ઘરના ઘરની યોજનાના ફોર્મ જમા કરાવવા માટે ઉમટી પડશે. એમ પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ભાજપ સરકારે ૧૭ વર્ષના શાસનમાં શહેરી હોય કે ગ્રામીણ તમામ મહિલાઓને ઘરના ઘરની વંચિત રહ્યો છે. ત્યારે ગુજરાતની મહિલાઓને પોતાના ઘરનું ઘર સ્વપ્ન સાકાર થાય તે માટે કોંગ્રેસ પક્ષ શાસનમાં આવશે તો શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં ઘરનું ઘરની એક યોજના જાહેર કરી હતી કોંગ્રેસ પક્ષની ઘરના ઘરની યોજનાના ફોર્મ જમા લેવાના કાર્યક્રમાં કોંગ્રેસ પક્ષના સાંસદો ધારાસભ્યો જિલ્લા પ્રમુખો અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહેનાર છે.

## સે-૨૪ના વૃદ્ધ લાપતા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સેકટર-૨૪ ઈન્દીરાનગરમાં રહેતા ડુંગરભાઈ છગનભાઈ મકવાણા (ઉ.વ.૭૦) (મૂળ રહે. પીઠડીયા, તા.જી. રાજકોટ) અસ્થિર મગજના કારણે ગત તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ રાત્રે ઘરેથી કોઈને કહ્યા વગર કયાંક ચાલ્યા ગયેલ છે. જેઓ પાતળા બાંધાના રંગે શ્યામવર્ણા ૪ ફુટ ઉંચાઈ ધરાવતા તેમજ તેમણે કાળા કલરનું લીટીવાળું શર્ટ તથા છીંકણી કલરનું પેન્ટ પહેરેલ છે. તેઓ ગુજરાતી ભાષા જાણે છે.

## પિતાએ ઠપકો આપતા ૧૬ વર્ષનો પુત્ર ઘરેથી કોઈને કહ્યા વિના ચાલ્યો ગયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક મગોડી ગામમાં રહેતાં ૧૬ વર્ષીય કિશોરને ગઈ કાલે તેના પિતાએ કોઈ બાબતે ઠપકો આપતા લાગી આવ્યું હતું. ઠપકાથી છંછેડાઈ ગયેલા પુત્રએ મનોમન ઘર છોડી ભાગી જવાનો નિર્ણય લઈ બપોરે ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના ચાલ્યો ગયો હતો. પરિવારજનોએ પોતાના વ્હાલ સોયા ૧૬ વર્ષીય દિકરાને શોધવા દોડધામ શરુ કરી દીધી હતી. આજે બીજા દિવસે પણ તેનો કયાંયથી પત્તો ન મળતાં આખરે ચિલોડા પોલીસને જાણ કરવામાં આવી છે. ચિલોડા પોલીસ મથકના પી.આઈ. બી.સી. ઠકકરે જાણવાજોગને આધારે ગુમ કિશોરની સઘન તપાસ આરંભી છે.

# વાસણીયા મહાદેવ સામે પોલીસની જીપનો એસ.ટી. બસ સાથે અકસ્માત

## મહિલા પોલીસને બંદોબસ્ત માટે મુકવા જઈ રહી હતી : બે મહિલા પોલીસ ઘાયલ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા પોલીસ આજે આવતીકાલના બંદોબસ્ત માટે રીહર્સલની દોડધામમાં હતી ત્યારે મહિલા પોલીસને જીપમાં બેસાડી બંદોબસ્ત માટે મોકલાઈ રહ્યા હતાં. દરમિયાન વાસણીયા મહાદેવ પાસે આ પોલીસ જીપ અને એસ.ટી. બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બે મહિલા પોલીસને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવી છે.

પેથાપુર પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે. મુખ્યમંત્રીના કાર્યક્રમને પગલે આજે પોલીસ બંદોબસ્તનું રિહર્સલ ચાલી રહ્યું હતું તે માટે મહિલા પોલીસ કોન્સ્ટેબલને પોલીસ જીપમાં બેસાડી બંદોબસ્ત માટે વાસણીયા મહાદેવ રોડ પરથી લઈ જવાઈ રહ્યા હતા તે દરમિયાન સામેથી આવી રહેલી એસ.ટી. બસ સાથે પોલીસ જીપને અકસ્માત સર્જાવા પામ્યો હતો.

આ અકસ્માતમાં પોલીસ જીપમાં બેસેલી મહીલા કોન્સ્ટેબલો પૈકી બે મહિલા કોન્સ્ટેબલને હાથે પગે ઈજાઓ થતા હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પોલીસ જીપને અકસ્માતના સમાચારથી જિલ્લા પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી.

સદ્ભાગ્યે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. પેથાપુર પોલીસ મથકના સિનિ. પી.એસ.આઈ. એચ.આર. કુવાડીયાએ આ અકસ્માતનો ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

# રાષ્ટ્રીય વિમુકત વિચરતી જાતિ મહાસંઘ ગુજ. પ્રદેશની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૭

રાષ્ટ્રીય વિમુકત વિચરતી જાતિ મહાસંઘ ગુજરાત પ્રદેશની અગત્યની બેઠક તાજેતરમાં પૂર્વ સાંસદ હરિભાઉ રાઠોડની આગેવાની હેઠળ યોજાઈ હતી.

વણઝારા સમાજ અને અન્ય વિચરતી વિમુકત જાતિની બેઠકમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નરહરિ અમીન, જામનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. દિનેશ પરમાર તેમજ આગેવાન નરસિંહભાઈ વણઝારા તથા વણઝારા સમાજના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પૂર્વ સાંસદ હરિભાઉ રાઠોડે જણાવ્યું હતું કે, ભારત દેશમાં વિચરતી જાતિ ૧૨ ટકા જેટલી છે. તેમજ ભાજપ સરકાર દ્વારા ગુજરાતમાં વસતા વણઝારા સમાજની સતત અવગણના કરવામાં આવી રહી છે. જયારે કોંગ્રેસ પક્ષ પહેલેથી જ વિચરતી વિમુકત જાતિ સમાજની સાથે છે.

વિચરતી વિમુકત જાતિ સમાજના લોકોને શિક્ષણ, રોજગારી મળી રહે તેમજ તેઓનો વિકાસ થાય તે હેતુથી આ બેઠક યોજાઈ હતી. ગુજરાતભરમાંથી આવેલા વિચરતી વિમુકત જાતિ વણઝારા જાતિ સમાજના આગેવાનોએ પૂર્વ સાંસદ હરિભાઉ રાઠોડને વિવિધ પ્રશ્નો તેમજ તેમની માંગણીઓ અંગે વાકેફ કર્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન દિલરાજ વણઝારાએ કર્યું હતું.

# વાવોલ વસ્તી અને વિસ્તાર બન્ને દષ્ટિએ મોટું હોવા છતાં પોલીસ ચોકી નથી

## સોસાયટીઓના વસાહતીઓએ ચોકી ઉભી કરવા રજુઆત કરી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરને અડીને આવેલુ વાવોલ ગામ મધ્યમવર્ગીય લોકો માટે રેસીડેન્સીયલ ઝોન બની ગયું છે ત્યારે દિન પ્રતિદિન ગામમાં વધી રહેલી સોસાયટીઓ અને બંગ્લોઝ બાદ વાવોલ ગામની વસ્તી પણ વધી જવા પામી છે. તેની સામે ગ્રામજનોની સુરક્ષા સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે. વાવોલમાં તાજેતરમાં થયેલી ઘરફોડ ચોરીઓને ધ્યાને લેતા હવે સલામતી અર્થે પોલીસ ચોકીની તાતી જરૂરીયાત ઉભી થવા પામી છે. વાવોલની તમામ સોસાયટીઓના વસાહતીઓએ ગામમાં પોલીસ ચોકી બનાવવા રજૂઆત કરી છે.

વાવોલ ગામના વધી રહેલા વિકાસની સામે વસ્તી પણ વધી રહી છે ત્યારે સોસાયટીઓમાં ૨ હજારથી વધુ પરિવારો ઉપરાંત ગામની મુળ વસ્તી વસવાટ કરી રહી છે. વાવોલ નગરપાલિકા જેટલો વિસ્તાર હોવા છતાં ગામમાં પોલીસ ચોકી નથી. વાવોલ ગામમાં હજુ છ થી સાત સોસાયટીઓનું બાંધકામ આવી રહ્યું છે. તો આ પરિસ્થિતિમાં ગામના છેવાડે આવેલી સોસાયટીઓમાં સંખ્યાબંધ વાર ઘરફોડ ચોરી સહિતની ઘટનાઓ બનવા પામી છે. જેથી ગ્રામજનો સહિત સોસાયટીઓમાં રહેતા વસાહતીઓ વધુ ગુનાહીત પ્રવૃત્તિઓ બને નહી તે માટે પોલીસ ચોકીની માંગ કરી રહ્યા છે. તહેવારો આવતા હોવાથી ચોરી, ઘરફોડ, લુંટ જેવા કિસ્સાઓ ન બને તે માટે પોલીસ એકટીવ રહે અથવા વાવોલ ગામમાં પોલીસ ચોકી ઉભી થાય તે માટે યોગ્ય રજુઆત કરવામાં આવી છે.

# મગોડી પાસે ગાયને રીક્ષા ટકરાતાં માલધારીઓએ તોડફોડ કરી મુકી

## શાકભાજી ભરેલી રીક્ષાના કાચ તોડી ડ્રાઈવરનો શર્ટ ફાડી નાંખ્યો : સામસામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક મગોડી ગામ પાસે રસ્તા વચ્ચે ઉભેલા ગાયના ટોળા વચ્ચેથી શાકભાજી ભરેલી રીક્ષા પસાર થઈ રહી હતી. તે દરમ્યાન એક ગાય સાથે રીક્ષાનો ખુણો ટકરાઈ જતાં માલધારીઓ ઉશ્કેરાયા હતા અને રીક્ષામાં તોડફોડ કરી ડ્રાઈવરને માર મારીને શર્ટ ફાડી નાંખ્યો હતો. આ ઘટના અંગે બન્ને પક્ષોએ સામસામે પોલીસ ફરીયાદ નોંધાવતા ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે. મળતી માહિતી મુજબ ગઈ કાલે બપોરના અરસામાં મગોડી પાસે રોડ વચ્ચે ગાયો-ભેંસોનું ટોળું હતું. તેની બાજુમાં ઢોરો ચરાવવા નીકળેલા પશુપાલકો પણ હતા. રસ્તા વચ્ચે ઉભેલી ગાયો વચ્ચેથી વાહનો જગ્યા કરાવી કરાવીને પસાર થઈ રહ્યા હતા. દરમ્યાન શાકભાજી ભરેલી એક રીક્ષા ત્યાંથી પસાર થઈ અને ગાયો વચ્ચેથી રિક્ષા નિકાળવા જતાં એક ગાયને રીક્ષાનો ખુણો અડકી ગયો હતો. ઉશ્કેરાઈ જઈને પશુપાલકો ત્યાં દોડી ગયા હતા અને રીક્ષા ડ્રાઈવર સાથે બોલાચાલી બાદ ઝપાઝપી કરી શર્ટને પણ ફાડી નાંખ્યો હતો. તે ઉપરાંત તેની રીક્ષા પર પથ્થરમારો કરીને કાચ તોડી નાંખ્યા હતા. આ ઘટના અંગે રીક્ષા ડ્રાઈવરની ફરીયાદને આધારે ચિલોડા પોલીસે પશુપાલકો વિરૂદ્ધ અને પશુપાલકની ફરીયાદને આધારે રીક્ષા ચાલક વિરૂદ્ધ સામસામે પોલીસ ફરીયાદ નોંધી તટસ્થ તપાસ શરૂ કરી છે.

# બેંક ઓફ ઈન્ડિયાના કર્મચારીઓ પ્રત્યે ગ્રાહકોનો અસંતોષ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૬માં આવેલી બેંક ઓફ ઈન્ડિયાના સત્તાધીશ કર્મચારીઓ છેલ્લા ઘણા સમયથી અમાનુષીભર્યુ વલણ ગ્રાહકો સાથે કરતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. બેંક ઓફ ઈન્ડિયાના એક ગ્રાહકે એ.ટી.એમ. બાબતે વારંવારની રજૂઆતો કરી છતાં તેને યોગ્ય ન્યાય મળ્યો નથી. તથા કેટલાક પેન્શનર્સ વડીલોએ પણ બેંકના કેશિયર અને તેના ઉપરી અધિકારી બહેન વિશે ફરિયાદ કરી છે કે બેંકમાંથી ચેકબુક સમયસર આપતા નથી તથા પેન્શન લેવા સ્લીપમાં કેશિયર અને પ્રબંધક આંટાફેરા કરાવે છે. ગાંધીનગર શહેરના સેક્ટર-૧૬માં આવેલ બેંક ઓફ ઈન્ડિયાના એક ગ્રાહકને ત્રણ-ત્રણ વખત એ.ટી.એમ. કાર્ડ આપવામાં આવ્યા હતા. છતાં પણ એ.ટી.એમ. કાર્ડ ઓપરેટ ન થતા તેમજ બેંક દ્વારા ગ્રાહકને હેરાન-પરેશાન કરવામાં આવી રહ્યા હોવાનું અને બેંક ઓફ ઈન્ડિયાના સ્ટાફના વ્યક્તિઓ પણ તોછડાઈભર્યુ વર્તન કરી રહ્યા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આથી ગ્રાહકોએ ભારે રોષ વ્યક્ત કર્યો છે.

સેક્ટર-૧૬ ખાતે આવેલી બેંક ઓફ ઈન્ડિયામાં સેવિંગ એકાઉન્ટ ધરાવતા પી.બી. શોલંકી ચાર વર્ષથી બેંકના ગ્રાહક છે. ખાતુ ખોલાવ્યું ત્યારે તેમને એ.ટી.એમ. કાર્ડ આપવામાં આવ્યું હતું. તે એ.ટી.એમ. બે વર્ષના વપરાશ બાદ ખોવાઈ ગયું હતું. જેની ફરિયાદ બેંકમાં કરતાં તે એ.ટી.એમ. કાર્ડ બંધ કરી દીધું હતું. ત્યારબાદ રેડીકીટ વાળુ એ.ટી.એમ. ઈસ્યુ કરવામાં આવ્યું હતું. તે પણ બે માસ સુધી રાહ જોઈ પણ એક્ટીવ ન થયું. તે પછી બેંકના કન્સલ્ટીંગ ઓફીસરને જાણ કરવા તેમને બીજી કાર્ડ ઈસ્યુ કર્યુ. તેમાં પણ આજ પરિસ્થિતિ હતી. ત્યારબાદ બેંક સત્તાવાળાઓએ 'નવુ ખાતુ ખોલાવો આ ખાતામાં એ.ટી.એમ. કાર્ડ એક્ટીવ નહી થાય' તેવું કહ્યું હતું. આવા અનેક ગ્રાહકો બેંકના મેનેજરને રજુઆત કરે છે. છતાં મેનેજર વાહીયાત વાતો કરીને ગ્રાહકોને હેરાન-પરેશાન કરી મુકે છે. બેંક ઓફ ઈન્ડિયા તરફથી મળતી એ.ટી.એમ.ની સુવિધા બંધ કરવી જોઈએ. અથવા કાર્ડની સેવા વ્યવસ્થિત, સમયસર મળે તેવો પ્રબંધ કરવો જોઈએ તેવી ગ્રાહકોની માંગણી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૫

સૂર્યાસ્ત : ૬.૨૧

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે. લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૬૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૨.૦૦, ૨.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :

ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦

બર્ફી : ૧૨.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦,

ઓહ ! માય ગૉડ : ૯.૩૦

: સ્ક્રીન-૩ :

કિસ્મત લવ પૈસા દિલ્લી : ૯.૦૦, ૪.૪૫

ઓહ ! માય ગૉડ : ૧૧.૩૦, ૨.૧૫

ઈંગ્લીશ વિંગ્લીશ : ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

બર્ફી : ૧૦.૪૫, ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૩૦

ઓહ ! માય ગૉડ : ૬.૪૫

### સૂર્યા, વાવોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ઈંગ્લીશ વિંગ્લીશ : ૧.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૦.૪૫, ૩.૧૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ઓહ! માય ગૉડ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૧૫

કમાલ ધમાલ માલામાલ : ૧૧.૩૦, ૬.૧૫

### ચિરાગ, કલોલ

મારા રૂદિયે વાલા બાપા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : નવા સંબંધો લાભદાયક રહેશે. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા.આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ.